પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૨૯૧, કુલ પાના:૪, તારીખ: ૦૩-૦૮-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 291 PRICE :-RS. 1.50 DATE : 03-08-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ૨૧મી સદીનુ ભારત ટેકનોલોજીથી આગળ વધી રહ્યું છેઃ મોદી

## વડાપ્રધાન મોદીએ ડિજિટલ પેમેન્ટ પ્લેટફોર્મ ઈ-રૂપી લોન્ચ કર્યું

ન્યુ દિલ્હી,
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ડિજિટલ પેમેન્ટ સોલ્યુશન ઈ-રૂપી શરૂ કર્યું. વડાપ્રધાન મોદીએ સોમવારના દિવસે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા તેને લોન્ચ કર્યું. ઈ-રૂપિયો એ નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા વિકસિત પ્રીપેડ ઈ-વાઉચર છે. તેના દ્વારા કેશલેસ અને કોન્ટેક્ટલેસ પેમેન્ટ થશે. ઈ-રૂપી એક ક્યૂઆર કોડ અથવા એસએમએસ સ્ટ્રિંગ આધારિત ઈ-વાઉચર છે, જે લાભાર્થીના મોબાઈલ પર પહોંચાડવામાં આવે છે. આ એક વખતની ચુકવણી પદ્ધતિના વપરાશકર્તાઓ કાર્ડ, ડિજિટલ પેમેન્ટ એપ અથવા ઈન્ટરનેટ બેક્કિંગને એક્સેસ કર્યા વિના સર્વિસ પ્રોવાઈડર પર વાઉચર રિડીમ કરી શકશે.



ઈ-રૂપિયા લોન્ચ કર્યા બાદ પીએમ મોદીએ કહ્યું કે, હાલમાં તેને માત્ર સ્વાસ્થ્ય સેવાઓ સાથે જોડવામાં આવી રહ્યું છે. હવે જો કોઈ વ્યક્તિ ચૂકવણી કરીને રસીકરણ કરાવવા ઈચ્છે છે, તો તેને ઈ-રૂપિયા દ્વારા કેશલેસ અને કોન્ટેક્ટલેસ ટ્રાન્ઝેક્શનની સુવિધા મળશે. બાદમાં તેનો ઉપયોગ અન્ય આરોગ્ય સેવાઓ માટે ચૂકવણી કરવા માટે પણ થઈ શકે છે. તેમણે કહ્યું કે દેશમાં ડિજિટલ પેમેન્ટના કારણે ભ્રષ્ટાચારને કાબૂમાં લેવામાં આવ્યો છે. આ સાથે, લાભાર્થીઓને કોઈપણ મુશ્કેલી વિના યોજનાઓનો લાભ મળ્યો છે.

ઈ-રૂપિયા લોન્ચ કર્યા બાદ પીએમ મોદીએ કહ્યું કે, હાલમાં તેને માત્ર સ્વાસ્થ્ય સેવાઓ સાથે જોડવામાં આવી રહ્યું છે. હવે જો કોઈ વ્યક્તિ ચૂકવણી કરીને રસીકરણ કરાવવા ઈચ્છે છે, તો તેને ઈ-રૂપિયા દ્વારા કેશલેસ અને કોન્ટેક્ટલેસ ટ્રાન્ઝેક્શનની સુવિધા મળશે. બાદમાં તેનો ઉપયોગ અન્ય આરોગ્ય સેવાઓ માટે ચૂકવણી કરવા માટે પણ થઈ શકે છે. તેમણે કહ્યું કે દેશમાં ડિજિટલ પેમેન્ટના કારણે ભ્રષ્ટાચારને કાબૂમાં લેવામાં આવ્યો છે. આ સાથે, લાભાર્થીઓને કોઈપણ મુશ્કેલી વિના યોજનાઓનો લાભ મળ્યો છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે પહેલા આપણા દેશમાં કેટલાક લોકો કહેતા હતા કે ટેક્નોલોજી માત્ર અમીરો માટે છે, ભારત ગરીબ દેશ છે, તો ભારત માટે ટેકનોલોજીનો ઉપયોગ શું છે? જ્યારે અમારી સરકાર ટેક્નોલોજીને મિશન બનાવવાની વાત કરતી હતી ત્યારે ઘણા રાજકારણીઓ, અમુક પ્રકારના નિષ્ણાતો તેના પર સવાલ ઉઠાવતા હતા. આજે દેશે તે લોકોની વિચારસરણીને નકારવાની સાથે તેમને ખોટા સાબિત કર્યા છે. આજે દેશની વિચારસરણી અલગ અને નવી છે.આજે આપણે ગરીબોની મદદ માટે ટેકનોલોજીને પ્રગતિના સાધન તરીકે જોઈ રહ્યા છીએ. ભારત આજે દુનિયાને બતાવી રહ્યું છે કે ટેકનોલોજી અપનાવવામાં અને તેની સાથે જોડાવામાં તેઓ કોઈથી પાછળ નથી. સર્વિસ ડિલિવરીમાં નવીનીકરણ, ટેકનોલોજીના ઉપયોગની વાત આવે ત્યારે ભારત પાસે વિશ્વના મોટા દેશો સાથે વૈશ્વિક નેતૃત્વ આપવાની ક્ષમતા છે.પીએમ સ્વનિધિ યોજનાનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું કે, અમારી સરકારે પીએમ સ્વનિધિ યોજના શરૂ કરી. આજે દેશના નાના અને મોટા શહેરોમાં, આ યોજના હેઠળ ૨૩ લાખથી વધુ શેરી વિક્રેતાઓ અને વિક્રેતાઓને મદદ આપવામાં આવી છે. આ કોરોના સમયગાળામાં, તેમને લગભગ ૨૩૦૦ કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે.

ઉપરાંત, તેમણે કહ્યું કે, જુલાઈ ૨૦૨૧ દરમિયાન ૩૦૦ કરોડ રૂપિયાના વ્યવહારો UPI મારફતે કરવામાં આવ્યા છે. આ દરમિયાન, પીએમ મોદીએ કહ્યું કે ઈ-રૂપીનો ઉપયોગ વ્યક્તિગત રીતે અને હેતુઓ માટે કરવામાં આવ્યો છે. આ દરમિયાન તેમણે રૂપેય કાર્ડ અને કોવિન એપની સફળતા અંગે પણ ચર્ચા કરી હતી.

## ત્રીજી લહેર ઓગસ્ટમાં આવી શકે, ઓક્ટોબરમાં પીક પર જશેઃ નિષ્ણાંતો

ન્યુ દિલ્હી,
ભારતમાં કોરોનાની બીજી લહેરનો પ્રકોપ હજુ પુરી રીતે ખતમ પણ થયો નથી અને હવે જાણકારોએ ત્રીજી લહેરને લઈને ચેતવણી જાહેર કરી છે. જાણકારોએ કહ્યુ છે કે ઓગસ્ટ મહિનામાં કોરોનાની ત્રીજી લહેર આવી શકે છે. જેમાં દરરોજ એક લાખ કોરોનાના કેસ જોવા મળી શકે છે. સાથે જ તેમણે એમ પણ કહ્યુ કે ખરાબ સ્થિતિમાં કોરોનાના કેસ દોઢ લાખ સુધી પણ પહોંચી શકે છે. જાણકારો અનુસાર ઓગસ્ટ મહિનામાં શરૂ થનારી ત્રીજી લહેર ઓક્ટોબરમાં પોતાના પીક પર જઈ શકે છે. બીજી લહેરમાં લાચાર સ્વાસ્થ્ય વ્યવસ્થાની તસવીર ડરાવનારી હતી જો ત્રીજી લહેરે પણ આવો વિનાશ કર્યો તો દેશ માટે મુશ્કેલ બની શકે છે.હૈદરાબાદ અને કાનપુર આઈઆઈટીમાં મથુકુમલ્લી વિદ્યાસાગર અને મનિન્દ્ર અગ્રવાલના નેતૃત્વમાં તપાસકર્તાઓનો હવાલો આપતા બ્લૂમબર્ગે જણાવ્યુ કે કોવિડ-૧૯ કેસમાં થઈ રહેલી વૃદ્ધિ કોરોના વાયરસ મહામારીની ત્રીજી લહેરને આગળ વધારશે, તેમણે જણાવ્યુ કે આ ઓક્ટોબરમાં પીક પર પહોંચી શકે છે. જાણકારોએ કહ્યુ કે કેરળ અને મહારાષ્ટ્રમાં જે રીતે કોરોનાના કેસ સામે આવી રહ્યા છે તેનાથી સ્થિતિ ખરાબ થઈ શકે છે.

જોકે, કોરોનાની ત્રીજી લહેર, બીજી લહેર જેટલી ખતરનાક નહી હોય જ્યારે દેશમાં દરરોજ ૪ લાખ કોરોનાના કેસ જોવા મળી રહ્યા હતા. આ વર્ષે કોરોનાની સ્થિતિ વિશે અનુમાન લગાવનારા જાણકારોનું અનુમાન એક ગણિતિય મોડલ પર આધારિત હતું. મેમાં આઈઆઈટી હૈદરાબાદના એક પ્રોફેસર વિદ્યાસાગરે કહ્યુ કે ભારતે કોરોના વાયરસનો પ્રકોપ આવનારા દિવસમાં ગણિતીય મોડલના આધાર પર પીક પર હોઈ શકે છે.

જાણકારોએ ચેતવણી આપી છે કે કોરોના વાયરસને ડેલ્ટા વેરિએન્ટ, ચિકન પોક્સની જેમ આસાનીથી ફેલાઈ શકે છે અને વેક્સીન લગાવનારાઓમાં પણ ફેલાઈ શકે છે.ઈન્ડિયન જીકૃજિ-ઝ્રફ-૨ જીનોમિક કંસોર્ટિયમના આંકડા અનુસાર, મે, જૂન અને જુલાઈમાં દર ૧૦ કોવિડ-૧૯ કેસમાંથી લગભગ ૮ કોરોના વાયરસના સંક્રામક ડેલ્ટા સંસ્કરણને કારણે થાય છે.

### કલકત્તા હાઈકોર્ટે વૃક્ષો કાપવાના કેસમાં ઐતિહાસિક ચુકાદો સંભળાવ્યો

## વૃક્ષો કાપનાર રિયલ એસ્ટેટ ગ્રુપને ૪૦ કરોડનો દંડ અને ૧૦૦ વૃક્ષો વાવવા આદેશ

કલકત્તા,
કલકત્તા હાઈકોર્ટે એક ઐતિહાસિક ચુકાદો સંભળાવ્યો છે. આ ચુકાદા અનુસાર કોર્ટે એક રિયલ એસ્ટેટ ગ્રુપને ૧૫ દિવસની અંદર ૪૦ કરોડ રુપિયા ચુકવવાનો આદેશ આપ્યો છે. આ સિવાય આ ગ્રુપે સો વૃક્ષો પણ ઉગાડવા પડશે. પ્રાપ્ત જાણકારી અનુસાર રસેલ સ્ટ્રીટ પર સેવન સ્ટાર હોટલ બનાવવા માટે ૬૨ વૃક્ષોને ગેરકાયદેસર રીતે કાપવામાં આવ્યા હતા. આ કારણોસર રિયલ એસ્ટેટ ગ્રુપ સામે કેસ દાખલ કરવામાં આવ્યો હતો. કોર્ટે કડક ટિપ્પણી કરતાં કહ્યું કે, આ પ્રકારના કૃત્યને કારણે પર્યાવરણને નુકસાન પહોંચ્યું છે.

ઉલ્લેખનીય છે કે આ કેસ ફેબ્રુઆરી ૨૦૧૭નો છે. કોર્ટે આ કેસ પર ૨૬મી જુલાઈના રોજ ચુકાદો આપ્યો હતો. પોતાના ત્રણ પાનાનાં આદેશમાં ન્યાયમૂર્તિ રાજશેખર મંથાએ કમેન્ટ કરીને કહ્યું કે, જો કે અરજદારની અપીલ આકર્ષક લાગી રહી છે, પરંતુ ૨૦૦૬ના અધિનિયમ અનુસાર કારાવાસની સજા આપવાથી વૃક્ષો પાછા નહીં આવે. માટે રાજ્ય અથવા વન વિભાગને વળતર ચુકવવું યોગ્ય નિર્ણય ગણાશે. આનાથી આરોપીને દંડ પણ મળશે અને પ્રાયશ્ચિત પણ થશે. આ વળતરની રકમનો ઉપયોગ સામાન્યપણે પર્યાવરણના સંરક્ષણ માટે કરવામાં આવે છે.

૨૦૦૬ના અધિનિયમ અંતર્ગત આ કેસની કાર્યવાહી શરુ કરવામાં આવી હતી. આ અધિનિયમ અંતર્ગત કોઈ પણ વ્યક્તિને ૫૦૦૦ રુપિયા દંડ અને એક વર્ષની જેલની સજા ફટકારી શકાય છે. કોર્ટ ઈચ્છે તો બન્ને સજા ફટકારી શકે છે. આ સિવાય જ્યાં સુધી પૂરતી સંખ્યામાં વૃક્ષ ઉગાડવામાં ના આવે ત્યાં સુધી દરરોજ ૫૦ રુપિયાનો દંડ પણ ભરવો પડે છે.અદાલતે જણાવ્યું કે જો ૧૫ દિવસમાં ૪૦ કરોડ રુપિયા ચુકવવામાં નહીં આવે તો ગુનો કમ્પાઉન્ડ થઈ જશે. આદેશમાં કહેવામાં આવ્યું છે કે જો દંડ ભર્યા પછી પણ રિયલ એસ્ટેટ ગ્રુપે પોતાની પ્રોપર્ટીના ડેવલપમેન્ટમાં તમામ કાયદાઓનું પાલન કરવું પડશે.

## રાહુલ ગાંધી સંસદ સત્રને લઈ આજે વિપક્ષ તમામ નેતાઓ સાથે બેઠક કરશે

ન્યુ દિલ્હી,
સંસદના વર્તમાન ચોમાસુ સત્રમાં ભારે હોબાળો થઈ રહ્યો છે. ખાસ કરીને પેગાસસ જાસૂસી વિવાદ અને ખેડૂતના મુદ્દે વિપક્ષ સરકારને પૂરી તાકાત સાથે ઘેરી રહ્યુ છે. સંસદમાં હોબાળો થઈ રહ્યો છે. જેના કારણે કાર્યવાહી યોગ્ય રીતે ચાલી રહી નથી. વિપક્ષ સંસદની બહાર સમાંતર સંસદ સત્ર ચલાવવાના મૂડમાં છે.વિપક્ષ સાથે જોડાયેલા સૂત્રો પાસેથી આ પ્રકારના પ્રસ્તાવની જાણકારી મળી છે. સૌથી મહત્વની વાત એ છે કે આ પ્રસ્તાવ પર ચર્ચા કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી સાથે મીટિંગમાં કરવામાં આવશે.કાલે સવારે ૧૦ વાગે રાજ્યસભા અને લોકસભામાં વિપક્ષના નેતાઓની મીટિંગ થવાની છે. આ મીટિંગમાં જ રાહુલ ગાંધીની હાજરીમાં સમાંતર સંસદ સત્ર ચલાવવાના પ્રસ્તાવ પર ચર્ચા કરવામાં આવશે.ઉલ્લેખનીય છે કે હાજર સંસદ સત્ર ૧૯ જુલાઈથી ચાલી રહ્યુ છે. આ સત્રમાં સતત હોબાળો થઈ રહ્યો છે. વિપક્ષ કૃષિ સાથે જોડાયેલા ત્રણ કાયદા પાછા લેવાની માગ કરી રહ્યો છે અને પેગાસસ જાસૂસી કાંડ પર સરકાર સાથે ચર્ચા કરવાની માગ પણ ઉઠાવી રહ્યા છે. બંને જ મુદ્દા પર દરરોજ સદનમાં હોબાળો થઈ રહ્યો છે અને સતત કાર્યવાહી સ્થગિત કરવામાં આવી રહી છે.વિપક્ષ આરોપ લગાવી રહ્યો છે કે સરકાર પોતાની મનમાની અનુસાર બિલ પાસ કરવા ઈચ્છે છે અને મોંઘવારી, પેગાસસ અથવા કૃષિ કાયદા જેવા મુદ્દાથી ભાગી રહ્યા છે.

## મ.પ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે અમિત શાહ સાથે મુલાકાત કરતા રાજકારણમાં ગરમાટો



ન્યુ દિલ્હી,
મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે દિલ્હીમાં અમિત શાહ સાથે મુલાકાત કરતા મધ્ય પ્રદેશના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. કહેવામાં આવી રહ્યું છે કે આ મુલાકાત મધ્ય પ્રદેશની રાજકીય પરિસ્થિતિઓ અને વિષયોને લઈને થઈ રહી છે. મુખ્યમંત્રીની અચાનક બે દિવસમાં દિલ્હીની બે મુલાકાતોએ રાજકીય પંડિતોનું ધ્યાન ખેંચ્યું છે, એ પણ ત્યારે જ્યારે દિલ્હીમાં સતત પ્રદેશ અધ્યક્ષ વી.ડી. શર્મા, સુહાસ ભગત અને મધ્ય પ્રદેશના મોટા નેતા ચક્કર લગાવી ચૂક્યા છે.

કેન્દ્રીય મંત્રી પ્રહ્લાદ પટેલ પણ બે દિવસ પહેલા અમિત શાહ, ઉમા ભારતી અને બીજા મોટા નેતાઓ સાથે મુલાકાત કરવા પહોંચ્યા હતા. આવામાં રાજકીય હલચલ તેજ થવી માની શકાય છે. જો કે જાણકારોનું માનવું છે કે મધ્ય પ્રદેશમાં મોટા બદલાવ તો થવાના છે, પરંતુ કયા સ્તર પર થશે તે કહેવું થોડુંક મુશ્કેલ છે, પરંતુ બની શકે છે કે આવનારા દિવસોમાં મધ્ય પ્રદેશની રાજનીતિ ઘણી ઝડપથી બદલાઈ શકે છે.

જો કે આ પ્રકારની સ્થિતિ લગભગ એક મહિના પહેલા પણ બનવા લાગી હતી, જ્યારે મધ્ય પ્રદેશના ગૃહમંત્રી નરોત્તમ મિશ્રા અને કૈલાશ વિજયવર્ગીયએ પોતાના નિવેદનથી બદલાવના સંકેત આપી દીધા હતા, પરંતુ બાદમાં બંનેએ સ્પષ્ટીકરણ આપીને મુખ્યમંત્રી બદલવાની અટકળો પર વિરામ લગાવી દીધું હતું. એકવાર ફરીથી પરિસ્થિતિઓ કોઈક મોટી હલચલ તરફ ઈશારો કરી રહી છે, પરંતુ નેતાઓ કોઈપણ પ્રકારનું નિવેદન કરવાથી બચી રહ્યા છે.

બીજેપી મુખ્યમંત્રીઓની મુલાકાતોને ફક્ત સૌજન્ય મુલાકાત ગણાવી રહી છે. તો કોંગ્રેસ આ તમામ ગતિવિધિઓ પર નજર રાખી રહી છે. ઉલ્લેખનીય છે કે બીજેપીએ હાલમાં જ કર્ણાટકમાં આવું કર્યુ છે. કર્ણાટકમાં યેદિયુરપ્પાને સીએમ પદેથી હટાવીને બાસવરાજ બોમ્મઈને મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા છે, ત્યારે કહેવામાં આવી રહ્યું છે કે આવા બદલાવ અન્ય રાજ્યોમાં પણ જોવા મળી શકે છે.

## કાયદો લાગુ થયા બાદ ટ્રિપલ તલાક કેસોમાં ૮૦ ટકાનો ઘટાડો નોંધાયોઃ નકવી

ન્યુ દિલ્હી,
કેન્દ્રીય લઘુમતી મામલાઓના મંત્રી મુખ્તાર અબ્બાસ નકવીએ કહ્યું છે કે, મુસ્લિમ મહિલા (પ્રોટેકશન ઑફ રાઈટ્સ ઑન મેરેજ) એક્ટ લાગુ થયા બાદ ત્રણ તલાકના કેસોમાં ૮૦ ટકાનો ઘટાડો આવ્યો છે. કાયદાના ૨ વર્ષ પૂર્ણ થવા પર રવિવારના દિલ્હીમાં એક કાર્યક્રમમાં તેમણે આ વાત કહી. ૧ ઑગષ્ટ, ૨૦૧૯ના કાયદો લાગુ થવાથી પહેલા ઉત્તર પ્રદેશમાં ૬૩ હજારથી વધારે કેસ નોંધાયા હતા, જે કાયદો લાગુ થયા બાદ ૨૨૧ રહી ગયા છે. તો એક્ટ લાગુ થયા બાદ બિહારમાં ૪૯ કેસ જ નોંધાયા છે.નકવીએ કહ્યું કે, હવે ત્રણ તલાક ક્રિમિનલ એક્ટ બન્યો છે. તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અયોધ્યામાં રામ મંદિરનો મુદ્દો ઉકેલ્યો, જમ્મુ-કાશ્મીરથી આર્ટિકલ ૩૭૦ હટાવ્યું અને મહરમ કાયદો ખત્મ કર્યો. ૩૫૦૦થી વધારે મુસ્લિમ મહિલાઓએ વગર મહરમ હજની યાત્રા કરી. કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ કહ્યું કે, મુસ્લિમ મહિલા અધિકાર દિવસ મુસ્લિમ મહિલાઓની ભાવના અને સંઘર્ષને સલામ કરવા માટે છે. કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવ પણ સામેલ થયા.ઉલ્લેખનીય છે કે ઑગષ્ટ ૨૦૧૭માં સુપ્રીમ કોર્ટે એકવારમાં ત્રણ તલાકની ૧૪૦૦ વર્ષ જૂની પ્રથાને અસંવૈધાનિક ગણાવી હતી અને સરકારને કાયદો બનાવવા કહ્યું હતું. ટ્રિપલ તલાક બિલ ૩૦ જુલાઈ, ૨૦૧૯ના રાજ્યસભામાં પાસ થયું હતું. રાજ્યસભામાં વોટિંગ દરમિયાન બિલના પક્ષમાં ૯૯ અને વિરોધમાં ૮૪ વોટ પડ્યા હતા. બિલ ૨૫ જુલાઈ, ૨૦૧૯ના લોકસભાથી પાસ થઈ ચૂક્યું હતું. આના આગામી દિવસે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ત્રણ તલાક બિલને મંજૂરી આપી દીધી હતી. ત્રણ તલાક કાયદા હેઠળ દોષી પુરુષને ૩ વર્ષની સજા સંભળાવવામાં આવી શકે છે. પીડિત મહિલાઓ પોતાના અને બાળકો માટે ભરણ-પોષણની માંગ પણ કરી શકે છે.

## મુંબઈમાં બોરીવલી વિસ્તારમાં સોસાયટી બહાર નો કિસિંગ ઝોન બોર્ડ લગાવવું પડ્યું

ન્યુ દિલ્હી,
મુંબઈના બોરીવલી વિસ્તારમાં પ્રેમી પંખીડાઓથી પરેશાન સત્યમ શિવમ સુંદરમ કોલોનીના રહેવાસીઓએ પોતાની સોસાયટી બહાર 'નો કિસિંગ ઝોન'ના બોર્ડ લગાવી દીધા છે. જાણવા મળ્યા મુજબ કોરોના લોકડાઉન શરૂ થયુ ત્યારથી સોસાયટીના લોકોએ સાંજે ૫:૦૦ વાગ્યાથી મોડી સાંજ સુધી બાઈક અને કારમાં પ્રેમી પંખીડાઓને અંતરંગ થતા જોયા હતા. સોસાયટીના રહીશોના કહેવા પ્રમાણે આ હરકતોના કારણે ત્યાં રહેતા બાળકો અને યુવાનો પર ખરાબ અસર પડી શકે છે. લોકોએ જણાવ્યું કે, આ પ્રકારની હરકતો રોકવા માટે તે લોકોએ સોસાયટી બહાર 'નો કિસિંગ ઝોન'નું બોર્ડ લગાવી દીધું છે. તેમના આ પગલાથી પ્રેમી પંખીડાઓની સંખ્યામાં ઘટાડો પણ નોંધાયો છે. સોસાયટીના રહીશોએ જણાવ્યું કે, તેઓ આ પ્રકારના યુગલોની વિરૂદ્ધ નથી પરંતુ તેમના ખોટા કામો સામે વાંધો છે. તેનાથી સમાજ પર ખરાબ અસર પડે છે. લોકોના કહેવા પ્રમાણે શરૂઆતમાં તેમણે પ્રેમી પંખીડાઓને સમજાવવા માટે પ્રયત્ન કર્યો હતો પરંતુ જ્યારથી તે એક નિયમિત સ્થાન બની ગયું ત્યારથી તેમણે આ પગલું ભરવું પડ્યું.

## રાજ્યમાં ૫ દિવસ હળવા વરસાની આગાહીઃ સૌથી વધુ દ.ગુજરાતમાં વરસાદ ખાબક્યો

અમદાવાદ,
આગામી ૫ દિવસ રાજ્યમાં સારા વરસાદની કોઈ સંભાવના નથી. હવામાન વિભાગની આગાહી પ્રમાણે કેટલાક વિસ્તારમાં છૂટોછવાયો હળવો વરસાદ પડી શકે છે. રવિવારે ૫૮ તાલુકામાં હળવો વરસાદ વરસ્યો હતો જ્યારે માત્ર ૩ તાલુકામાં અડધો ઈંચ વરસાદ નોંધાયો છે. રાજ્યમાં અત્યાર સુધી સીઝનનો ૩૫.૪૮ ટકા વરસાદ નોંધાયો છે. જેમાં જુલાઈ મહિના દરમિયાન સરેરાશ ૬.૯૨ ઈંચ વરસાદ રાજ્યમાં થયો છે.

ગુજરાતમાં ચોમાસાના બીજા રાઉન્ડની જમાવટ થયા બાદ હવે મેઘરાજાએ થોડો વિરામ લીધો છે. સમગ્ર રાજ્યમાં અત્યાર સુધી દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ વરસાદ થયો છે, જ્યારે કચ્છ અને ઉત્તર ગુજરાતમાં હજી વરસાદની ઘટ છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, રાજ્યમાં આગામી બીજી અને ત્રીજી ઓગસ્ટે વરસાદનું જોર વધશે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે ૫ ઓગસ્ટ સુધી ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં સામાન્ય વરસાદ થશે. જ્યારે સૌરાષ્ટ્રમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં અત્યાર સુધી સીઝનનો ૩૫.૪૮ ટકા વરસાદ નોંધાયો છે. જેમાં જુલાઈ મહિના દરમિયાન સરેરાશ ૬.૯૨ ઈંચ વરસાદ રાજ્યમાં થયો છે.

ઝોન પ્રમાણે વરસાદની વાત કરીએ તો, દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૩૮.૭૭ ટકા, સૌરાષ્ટ્રમાં ૩૩.૪૧ ટકા, કચ્છમાં ૩૧.૬૧ ટકા, મધ્ય ગુજરાતમાં ૩૩.૬૨ ટકા અને ઉત્તર ગુજરાતમાં ૩૦.૬૭ ટકા વરસાદ નોંધાયો છે. સાર્વત્રિક વરસાદના કારણે ધીમે ધીમે જળાશયોના જળ સ્તરમાં વધારો નોંધાયો છે. રાજ્યના ૨૦૭ ડેમની એકંદરે વાત કરીએ તો ૧૧ ડેમમાં ૯૦ ટકાથી વધુ પાણી છે. ૫ ડેમમાં ૮૦થી ૯૦ ટકા પાણી છે. ૮ ડેમમાં ૭૦થી ૮૦ ટકા પાણી છે. રાજ્યમાં અગાઉના વર્ષોની તુલનામાં ૩૮ ટકા ઓછો વરસાદ વરસ્યો છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લાના કોઠંબા ખાતે પ્રવાસન અને મત્સ્યઉદ્યોગ મંત્રી જવાહર ચાવડાના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાનો સેવા સેતુ કાર્યક્રમ યોજાયો



લુણાવાડા,
૫ વર્ષ આપણી સરકારના સૌના સાથ,સૌના વિકાસની ઉજવણી અંતર્ગત સંવેદના દિવસ નિમિત્તે જિલ્લા કક્ષાનો સેવા સેતુ કાર્યક્રમ મહીસાગર જિલ્લાના કોઠંબા કુમાર પ્રાથમિક શાળા ખાતે પ્રવાસન અને મત્સ્યોદ્યોગ મંત્રી જવાહર ચાવડાના અદયક્ષસ્થાને મહાનુભાવોએ દિપપ્રાગટ્ય કરી ખુલ્લો મૂક્યો હતો.આ પ્રસંગે રાજ્ય સરકારની જન્મથી લઈ વૃધ્ધાવસ્થા સુધીની સંવેદનાસભર યોજનાઓ અંગે લાગણીસભર વક્તવ્યમાં પ્રવાસન મંત્રીએ સેવાસેતુ કાર્યક્રમથી ૫૭ જેટલી જનસેવાઓ સરકાર ઘરઆંગણે આવી લોકોને સુવિધા આપી રહી છે. પાંચ વર્ષ આપણી સરકારના, સૌના સાથથી સૌના વિકાસના અંતર્ગત જિલ્લાના નાગરિકોને સેવાસેતુ થકીવિવિધ સરકારી યોજનાઓનો લાભ મળી રહ્યો છે. વધુમાં કોરોનાકાળમાં નિરાધાર બનેલા બાળકો માટે બાળ સેવા યોજનાના માધ્યમથી રાજ્ય સરકાર પાલક બની છે તેમ જણાવ્યું હતું.લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવકે સરકારે ધરતીપુત્રો માટે સંવેદના વ્યકત કરતાં દિવસે વિજળી આપવાનું આયોજન કર્યુ તે અંગે જગતના તાત વતી આભાર વ્યકત કર્યો હતો.સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીને મહીસાગરની ધરા પરથી પ્રવાસન મંત્રી, લુણાવાડા ધારાસભ્ય સહિત મહાનુભાવોએ જન્મદિવસની શુભકામનાઓ પાઠવી હતી.સમગ્ર કાર્યક્રમની સાથે મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં રાજ્યકક્ષાના કાર્યક્રમનું રાજકોટ ખાતેથી જીવંત પ્રસારણ તેમજ સેવાસેતું અને બાળ સેવા યોજના અંગે વિડિયો ફિલ્મનું નિદર્શન કરવામાં આવ્યું હતુ.આ કાર્યક્રમમાં પ્રવાસન મંત્રી અને મહાનુભાવોએમુખ્યમંત્રી બાળ સેવા યોજનાના લાભાર્થીઓને કીટ વિતરણ અને ગંગા સ્વરૂપ આર્થિક સહાય યોજનાના લાભાર્થીઓને મંજૂરીપત્રનું વિતરણ કરવામાં આવ્યું હતુ.પ્રારંભમાં પ્રાંત અધિકારી બ્રીજેશ મોડિયાએ સ્વાગત પ્રવચન અને આભાર દર્શન બાળ સુરક્ષા અધિકારી નીરવ પંડ્યાએ કર્યુ હતું.
આ કાર્યક્રમ બાદ મંત્રીએ સેવાસેતુ યોજનાના સ્ટોલની મુલાકાત લઈવિવિધ યોજનાના લાભાર્થીઓ સાથે સંવેદના સહ સંવાદ સાધ્યો હતો.વાત્સલ્યમૂર્તિ મુખ્યમંત્રીની બાળ સેવા યોજનાથી અનાથ બાળકો સનાથ બન્યા છે ત્યારે આ બાળકો સાથે પ્રવાસન મંત્રી , ધારાસભ્ય અને ઈનચાર્જ જિલ્લા કલેકટરએ સંવેદનાસભર સંવાદસાધી પોતે ભોજન પીરસી તેમની સાથે પ્રિતીભોજન લીધુ હતુ.આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોર, ઈન્ચાર્જ જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણી,લુણાવાડા તાલુકા પંચાયત પ્રમુખ જ્યોતિકાબેન પટેલ,જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ ભવાનભાઈ, એપીએમસી ચેરમેન ગોવિંદભાઈ,સરપંચ નાનાભાઈ, અગ્રણી સર્વ દશરથભાઈ બારિયા, રાવજીભાઈ પટેલ, પ્રદીપસિંહ રાઠોડ,પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ દિનેશભાઈ, જિલ્લા વહિવટીતંત્રના અધિકારીઓ સહિત સરપંચઓ, ગ્રામજનો, લાભાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે સંવેદના દિન અંતર્ગત મહીસાગર જિલ્લામાં મહાનુભાવોના હસ્તે વિવિધ સ્થળો જેવા કે લુણાવાડા તાલુકાના કોઠંબા ગામે, ખાનપુર તાલુકાના ખુટેલાવ ગામે, બાલાસિનોર તાલુકાના જોરાપુરા ગામે, વિરપુર તાલુકાના બારોડા ગામે, સંતરામપુર તાલુકાના ગોઠીબ ગામેઅને કડાણા તાલુકાના મુનપુર ખાતે તેમજ બાલાસિનોર, લુણાવાડા અને સંતરામપુર નગરપાલીકા ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયા હતા.

# લુણાવાડાના મધવાસ દરવાજા પાસે તકીયા દરગાહ ટ્રસ્ટીની મિલ્કતમાં ફસ્ટ ફલોર ઉપર કરતાં ગેરકાયદેસર બાંધકામને દુર કરવા કલેકટરને રજુઆત

લુણાવાડા,
લુણાવાડાના મધવાસ દરવાજા પાસે તકીયા દરગાહ ટ્રસ્ટની સી.સ.નંબર ૧૫૧૭ વાળી મિલ્કતમાં ગ્રાઉન્ડ ફલોરમાં દુકાનો આવેલી છે. આ મિલ્કતના કહેવામાં વહીવટદારે ટ્રસ્ટી મંડળની મંજુરી લીધી ન હોય તમ છતાં ગરકાયદેસર બાંધકામ કરી રહ્યા છે. આ ગેરકાયદેસર બાંધકામને અટકાવવા માટે જીલ્લા કલેક્ટરને લેખિત રજુઆત કરવામં આવી છે. લુણાવાડા મધવાસ દરવાજા પાસે સુન્ની મુસ્લીમ કોમ તકીયા દરગાહ ટ્રસ્ટની મિલ્કત સી.સ.નંબર ૧૫૧૭ આવેલ છે. આ મિલ્કતના ગ્રાઉન્ડ ફલોરમાં દુકાનો આવેલ છે. તેના ફસ્ટ ફલોરમાં ટ્રસ્ટી મંડળમાં ઠરાવ કર્યા વગર અને ટ્રસ્ટીઓની સંમતિ વગર કે ગુજરાત વકફ બોર્ડની પરમીશન વગર ગેરકાયદેસર ફારૂકભાઈ અરબ જે પોતાન આ મિલ્કતના વહીવટદા ર દર્શાવીને ગેરકાયદેસર રીતે પૂરજોશમાં બાંધકામ કરી રહ્યા છે.



લુણાવાડા તકીય દરગાહ ટ્રસ્ટની મિલ્કતમાં ૨૧/૦૫/૨૦૨૧ના રોજ શેખ મોહમંદ હનિફ અહેમદભાઈ અને ધુલધાાં અબ્દુલ કરીમ અહેમદભાઈ ટ્રસ્ટીઓને બાંધકામની મંજુરી આપેલ છે અને દુકાન નોંધણીની જાહેરાત કરી છે. આ ટ્રસ્ટના બીજા ટ્રસ્ટીઓ હયાત છે અને આ ગેરકાયદેસર બાંધકામનો વાંધો લીધેલ છે. બે ટ્રસ્ટીઓએ મીટીંગ બોલાવ્યા વિના અન્ય ટ્રસ્ટીઓને વિશ્વાસમાં લીધા વગર ફારૂકભાઈ અરબને બાંધકામ માટે કાયદાની ઉપરવટ જઈને બાંધકામ માટે પરવાનગી આપી છે. તેવા ટ્રસ્ટીનો જવાબ લેવામાં આવે.

અને હાલમાં પાંચ ફુટ જેટલા ઉંચા કોલમ અને દિવાલ ફસ્ટ ફલોર ઉપર ચણી દીધેલ છે. મધવાસ દરવાજા પાસે તકીયા દરગાહ ટ્રસ્ટની જમીનમાં ગેરકાયદેસર બાંધકામ અટકાવવા માટે ૬ જુનના રોજ જીલ્લા કલેકટરમાં અરજી કરવામાં આવી હતી. તેમ છતાં સ્થળ ઉપર બાંધકામ ચાલુ છે. જો આ ગેરકાયદેસર રીતે ટ્રસ્ટની મિલ્કતમાં ચાલતા બાંધકામને તોડવામાં ન આવે તો સમાજમાં વિવાદ ઉભો થાય તેમ છે. હાલ ટ્રસ્ટની મિલ્કતમાં બાંધકામ કરતા ફારૂકભાઈ આરબ માથાભારે છે અને હાલ ધાકધમકીના જોરે બાંધકામ ચાલુ રાખેલ છે. આ ગેરકાયદેસર બાંધકામને તોડવા માટે નગર પાલિકા દ્વારા હુકમ કરવામાં આવે ટ્રસ્ટીની મિલ્કતમાં ગેરકાયદેસર બાંધકામ કરનાર ફારૂકભાઈ આરબ થી વિરોધ કરનાર વ્યક્તિઓને જીવનું જોખમ હોય ત્યારે પોલીસ બંદોબસ્ત સાથે ગેરકાયદેસર બાંધકામ દુર કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવે.



લુણાવાડા તાલુકાનું પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મલેકપુર અને હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર રામ પટેલના મુવાડા યુવાનો અને વડીલો દ્વારા બલ્ડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી મહીસાગર દ્વારા અંદાજે ૨૦ એક બ્લડ યુનિટનું કલેશન કરવામાં આવેલ. રામ પટેલના મુવાડાના ગ્રામજનો તરફ થી ખુબ સારો સાથ સહકાર મળ્યો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૦૩-૦૮-૨૦૨૧, મંગળવાર, અષાઢ વદ-૧૦, સૂર્યોદય-૫-૪૩, સૂર્યાસ્ત-૭-૧૦, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : વૃષભ (બ.વ.ઉ.), નક્ષત્રઃ રોહિણી

- શુભ ચોઘડીયા -
અભિજીત-૧૨-૨૭ થી ૧૩-૧૯ સુધી,૭-૫૮ થી ચલ-લાભ-અમૃત ૧૨-૫૩ સુધી ૧૪-૩૧ થી શુભ-૧૬-૧૦ સુધી ૧૯-૨૬ થી શુભ-અમૃત-ચલ ૨૩-૩૧ સુધી

- શુભ હોરા-
૭-૨૬ થી ૧૦-૪૨ સુધી, ૧૧-૪૮ થી ૧૨-૫૩ સુધી, ૧૫-૦૪ થી ૧૮-૨૧ સુધી, ૧૯-૨૬ થી ૨૦-૨૧ સુધી

# મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીની ઉપસ્થિતિમાં દાહોદમાં તા.૩જીએ અન્નોત્સવ, વડાપ્રધાન ઈ-સંવાદ સાધશે



દાહોદ,
મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલના યશસ્વી નેતૃત્વમાં રાજ્ય સરકાર પાંચ વર્ષ પૂર્ણ કરવાના અવસરે તા. ૩ ઓગસ્ટના રોજ અન્નોત્સવ દિનની રાજયવ્યાપી ઉજવણી દાહોદ જિલ્લામાંથી મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલની ઉપસ્થિતિમાં કરાવવામાં આવશે. આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી વર્ચ્યુઅલી ઉપસ્થિત રહીને લાભાર્થીઓ સાથે સંવાદ સાધશે.
આ અવસરે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી રાજ્યના ૧૭ હજાર પંડિત દિનદયાળ ઉપાધ્યાય ગ્રાહક ભંડાર પરથી અન્નોત્સવ અન્વયે ૪.૨૫ લાખ ગરીબ–અંત્યોદય પરિવારોને વ્યકિત દિઠ ૫ કિલો અનાજ કિટ વિનામૂલ્યે વિતરણ પણ આ કાર્યક્રમથી શરૂ કરાવશે. સમગ્ર કાર્યક્રમ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલની ઉપસ્થિતિમાં દાહોદ નગરની નવજીવન કોલેજના મેદાનમાં કાર્યક્રમ સવારે ૧૧.૩૦ કલાકથી યોજાશે. અહીંથી પણ લાભાર્થીઓને પુરવઠા વિભાગ દ્વારા ફૂડબાસ્ટેકનું વિતરણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં પુરવઠા મંત્રી જયેશભાઇ રાદડિયા, મુખ્ય સચિવ અનિલ મુકીમ, સાંસદ જસવંતસિંહ ભાભોર તેમજ જિલ્લાના ધારાસભ્યઓ ઉપસ્થિત રહેશે. દાહોદ જિલ્લાની પણ તમામ પંડિત દિનદયાળ ઉપાદયાય ગ્રાહક ભંડાર પરથી અન્નોત્સવ નિમિત્તે ગરીબ–અંત્યોદય પરિવારોને ૫ કિલો અનાજ કિટનું વિનામૂલ્યે વિતરણ કાર્યક્રમ યોજાશે.

# મુખ્યમંત્રીના જન્મ દિવસ નિમિતે ખાનપુરના દેગમડા ગામે સત્યનારાયણ ભગવાનની કથા આયોજન કરાયું



ખાનપુર,
માનનીય મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના જન્મદિવસ નિમિત્તે તેમના દીર્ઘાયુષ અને ગુજરાતના કલ્યાણાર્થે ખાનપુર તાલુકાના દેગમડા મુકામે શ્રી સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું અને ૬૫ લોકોને ફ્રી માં વિમા કવચ આપવામાં આવ્યા. આ પ્રસંગે ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ અને પૂર્વ મહિસાગર જિલ્લા ભાજપના પ્રમુખ જે.પી.પટેલ, સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ બોર્ડના સહ વાલી પ્રોફેસર હર્ષ દવે, ખાનપુર તાલુકા ભાજપ પ્રમુખ દીપકભાઈ જોષી, જિલ્લા સંયોજક અભિષેકભાઈ, તાલુકા સંયોજક વિનોદભાઈ, લુણાવાડા શહેર ભાજપ પ્રમુખ મનુભાઈ પટેલ, મહંત અરવિંદ ગીરી, મહીસાગર જિલ્લા શાળા સંચાલક મંડળના પ્રમુખ આર.ડી.પટેલ, તેમજ મોટી સંખ્યામાં યુવકો ઉપસ્થિત રહ્યા હતા.

# ફતેપુરા તાલુકાના યોગ ટ્રેનર અને ધારાસભ્યના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરાયા

ફતેપુરા,
ફતેપુરા તાલુકામાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ગાંધીનગર દ્વારા ૧૩૦ યોગ ટ્રેનરોને એક માસની દરરોજ ૨ કલાક એક માસની તાલીમ આપવામાં આવી. ત્યારબાદ દિન ૭ ની ઓનલાઈન તાલીમ આપવામાં આવી.જેમાં ફતેપુરા તાલુકામાંથી જુદા–જુદા ગામના ૪૨ ટ્રેનરો ઓનલાઈન તાલીમ માં જોડાયા હતા.આ તમામ યોગ ટ્રેનર પોતાના ગામમાં,ફળિયામાં ભાઈ– બહેનોને દરરોજ નિશુલ્ક એક કલાક યોગ કરાવવામાં આવી રહ્યા છે. તેની જાણકારી આપે છે.અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડના સ્વપનને સાકાર કરી રહ્યા છે. આવા સેવાભાવી યોગ ટ્રેનર અને તારીખ ૨/૮/૨૦૨૧ સોમવારના રોજ આઈ.ટી.આઈ મિટિંગ હોલ ખાતે સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરીને ૪૨ યોગ ટ્રેનરોને ૧૨૯, મત વિસ્તારના ધારાસભ્ય રમેશભાઈ કટારા,યુવા પ્રમુખ યોગ કોચ ધુળાભાઈ પારગી અને ભીતોડી પ્રાથમિક શાળાના આચાર્ય શંકરભાઈ કટારાના ઓના હસ્તે યોગ ટ્રેનર અને પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યા હતા.સાથે ધારાસભ્ય દ્વારા યોગને ફતેપુરા તાલુકાના ગામે–ગામ,ફળિયે ફળિયે, ઘર–ઘર સુધી યોગ પહોંચાડવાનું યોગ ટ્રેનર દ્વારા આહ્વાન કર્યું હતું. યોગ કોચ પારગી દ્વારા સમાજ દ્વારા યોગના ફાયદા,ટ્રેનરોની ફરજો અને કામગીરી પર ભાર મૂક્યો. સાથે આ કામગીરી ફતેપુરા તાલુકામાં તમામ જગ્યાએ કરવા સૂચન કર્યું હતું. જેને સૌ સાધકો એ શિરોમાન્ય રાખીને પોતાની ફરજ નિષ્ઠા અને ખંતથી આ કાર્ય કરવાની તૈયારી બતાવી હતી.

# ૫ વર્ષ આપણી સરકારના અંતર્ગત કંબોઈમા શાળાનું લોકાર્પણ

ઝાલોદ,
૫ વર્ષ આપણી સરકારના, સૌના સાથ સૌના વિકાસના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા તા. ૧ ઓગષ્ટ થી ૯ ઓગષ્ટ સુધી વિવિધ દિવસના વિવિધ કાર્યક્રમો રાજ્યભરમા યોજવાના છે. ત્યારે આજ રોજપ્રથમ દિવસ ‘જ્ઞાન શકિત દિવસ’ તરીકે દાહોદ જિલ્લાના વિવિધ સ્થાનો પર યોજાયો હતો. જેના ભાગ રૂપે ઝાલોદ તાલુકાના કંબોઈ ગામે નવીન તૈયાર થયેલ શાળાના ભવનના ઓરડાનું લોકાર્પણ તાલુકા પંચાયત પ્રમુખ ભુપેન્દ્રભાઈ સંગાડા, કાંતાબેન બામણીયા, બાળ કલ્યાણ સમિતિ ચેરમેન નરેન્દ્રભાઈ સોની, લલીતભાઈ ભુરીયા ના હસ્તે કરવામાં આવ્યું હતું, આ પ્રસંગે ઉપસ્થિત બાળ કલ્યાણ સમિતિના ચેરમેન નરેન્દ્રભાઈ સોનીએ જણાવ્યું હતું કે આજે રાજ્યભરના હજારો શાળાના ઓરડાનું લોકાર્પણ હજારોની સંખ્યામાં ’નમો ટેબલેટ’ તેમજ પી.એચ.ડી. કરનાર વિદ્યાર્થીઓને કરોડો રૂપિયાની સ્કોલરશીપ આપવામાં આવી રહી છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે સંવેદનશીલ મુખ્યમંત્રીના નેતૃત્વમા જણાવ્યું કે સંવેદનશીલ મુખ્યમંત્રીના નેતૃત્વમાં પાછલા પાંચ વર્ષ શિક્ષણક્ષેત્રે કયાપલટ કરનાર સાબિત થાય છે. અંતમા આભાર વિધિ દિનેશભાઈએ કરી હતી.

# ફતેપુરા તાલુકાના બલૈયા ખાતે સંવેદના દિન નિમિત્તે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો



ફતેપુરા,
સંવેદના દિન નિમિત્તે મુખ્યમંત્રી વિજય રૂપાણીના યશસ્વી નેતૃત્વમાં રાજ્ય સરકારના પાંચ વર્ષ પૂર્ણ કરવાના અવસરે રાજ્યભરમાં ૫૦૦થી વધુ સેવા સેતુ કાર્યક્રમનું આયોજન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યું હતું.રાજ્ય સરકારની વિવિધ વિભાગોની ૫૭ જેટલી સેવાઓ નાગરિકોને તેજ દિવસે મળી જાય તેવું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ દરમ્યાન વિવિધ કલ્યાણકારી યોજના હેઠળ મળતા લાભોની સેવાઓ પૂરી પાડવાના ઉદ્દેશથી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.જેના અનુસંધાને આજરોજ ફતેપુરા તાલુકાના બલૈયા ખાતે સંવેદના દિન નિમિત્તે નાગરિકોને વિવિધ જન હિતકારી યોજનાઓના દસ્તાવેજો સરળતાથી મળી રહે તેવા ઉદ્દેશને આ કાર્યક્રમમાં પ્રમુખ સ્થાને રાખી યોજવામાં આવ્યો હતો.તેવી જ રીતે બલૈયા પ્રાથમિક શાળા ખાતે ધારાસભ્ય રમેશભાઈ કટારા સહિત તાલુકાના અધિકારીઓની ઉપસ્થિતિમાં સેવા સેતુ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.
બલૈયા ખાતે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં સામાન્ય વહીવટમાં ૭૭,જ્યારે અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોની ૨૦૫ અરજીઓનો સ્થળ પર નિકાલ કરવામાં આવ્યો હતો. તેમજ૧૩ આવકના, ૧ ઉંમરના ૧ ડુપ્લીકેટ રેશનકાર્ડ,૧૪ સોગંદનામા,૧૩૦ નામ દાખલ તથા ૫ નામો રદ કરવા સહિત મહિલા અને બાળ વિકાસ વિભાગના ૬ જ્યારે મહેસુલ વિભાગના ૧૩ કામનો નિકાલ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.તે સાથે કોરોનામાં માતા–પિતા ગુમાવનાર બાળ સુરક્ષા યોજના દ્વારા ૫ બાળકોને ૨–૨ હજારની સહાય ચુકવવામાં આવી હોવાનું પણ જાણવા મળે છે.
આજરોજ બલૈયા ખાતે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત પશુ સારવાર કેમ્પ પણ રાખવામાં આવ્યો હતો.જેમાં ૨૦૯ પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું હતું. જ્યારે ૨૮ પશુઓને ગાયનેક સારવાર આપવામાં આવી હતી.અને ૬૫ પશુઓને મેડિસિન સારવાર કરવામાં હોવાનું જાણવા મળે છે.પશુ સારવાર કેમ્પમાં પશુ ચિકિત્સા અધિકારી ડોકટર સંગાડા,આર.ડી ગામેતી,પશુ નિરીક્ષક તથા પશુપાલન સ્ટાફ હાજર રહ્યો હતો અને પશુપાલકોને પોતાના પશુઓને કોઈપણ મુશ્કેલી ઉભી થાય તો સમયસર સારવાર મેળવી પશુઓને તંદુરસ્ત રાખવા આહવાન કર્યું હતું.
આજરોજ બલૈયા ખાતે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં ફતેપુરા વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય રમેશભાઈ કટારા, દાહોદ જિલ્લા ભાજપ પ્રમુખ શંકરભાઈ અમલીયાર, પ્રાંત કલેકટર ઝાલોદ,ફતેપુરા તાલુકા વિકાસ અધિકારી,ફતેપુરા તાલુકા મામલતદાર,જિલ્લા સભ્ય સોનલબેન મછાર, તાલુકા શિક્ષણાધિકારી ચંદાણા, તાલુકા સભ્ય,બલૈયા સરપંચ સહિત મોટી સંખ્યામાં લાભાર્થીઓ હાજર રહ્યા હતા અને શાંતિપૂર્ણ વાતાવરણમાં કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો હતો.

# નગર પાલિકા શહેરી વિસ્તારનો આપણી સરકારનો સેવા સેતુ કાર્યક્રમનો મુખ્ય હેતુ સિદ્ધ થયો નથી

દે.બારીયા,
સૌના સાથ સૌના વિકાસન સંવેદના દિવસ એટલે તા.૦૨/૦૮/૨૦૨૧ સોમવારના રોજ સવારના ૧૧ કલાકે સમગ્ર રાજ્યમાં ૪૩૩ જેટલા સેવા સેતુ કાર્યક્રમની શરૂઆત થવા પામી હતી. જેનું જોઈએ તેટલો પ્રચાર જાણી સમજીને કરવમાં આવ્યો નથી કે શું ?પ્રાપ્ત માહિતી મુજબ નગર પાલિકા વિસ્તારમાં ૧૫૬ જેટલા સેવા સેતુ નામે ફિયાસ્કા યોજાયા તે માનો એક દે.બારીયા નગર પાલિકાના પટાંગણમાં સેવા સેતુ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં ઘર આંગણે જ ગુજરાત સરકારની ૫૭ જેવી ડીજીટલ ગુજરાત હેઠળની સેવાઓના લાભાર્થીઓને સ્થળ ઉપર જે સેવા ખાસ કરીને જાતિના દાખલા તથા આવકના દાખલાના ફોર્મ ભરાયા ખરા પરંતુ સ્થળ ઉપર કોઈપણ ફસ્ટગ્રેડન અધિકારી હાજર ના હોવાથી દાખલા લાભાર્થીઓને મળી શકયા નથી. ત્રણ કલાકે કોઈ પણ ઉચ્ચપદના સહી –સિક્કા કરવામાં આવ્યા ન હતા અને લાભાર્થીઓને દાખલા લેવા માટે મામલતદાર ઓફિસના ધરમધક્કા સેવાના નામે પણ ખાવા પડશે તથા માં કાર્ડ બનાવાતા કોમ્પ્યુટરમાં આધારકાર્ડ, પાલક માતા–પિતા યોજના, વિધવા સહાય, વૃદ્ધ પેન્શન યોજના, બેંક સાથે મોબાઈલ કામગીરી કૃત યોજના અયોગ્ય નાલગતિ સેવાઓ, સામાજીક ન્યાયની અનેક સેવાઓ સ્થળ ઉપર આવકના માટે સ્ટેમ્પની વ્યવસ્થા ના કરવામાં આવતાં જાતિ અને આવકના દાખલા માટે ત્રણ કિલો મીટરનો ધરમના ધક્કા ખાવો પડશે. તેવું લાભાર્થીઓમાં ગણગણાટ જોવા મળ્યો હતો. એકબાજુ વિજ્ઞાપનોમાં એવું દર્શાવવામાં આવે છે. હવે નાગરિકોને ધરમના ધક્કા ખાવા નહી પડે ઘરઆંગણ જ તમને તમામ પ્રમાણપત્ર અને દાખલાઓ મળી જશે. દે.બારીયાના સેવા સેતુમાં લાભાર્થીઓ છેતરાયતાનો અનુભવી રહ્યા છે. ગુજરાતની સંવેદન અને ગતિશીલ પ્રજાની અપેક્ષા લાગણી અને માંગણીઓને પૂર્ણ કરવા સરકારે ખુદ સરકારી બાબુઓ જ ગેરહાજર અને નદારત સાબિત થયા છે. સેવાનો સેતુ જનહિતમાં ૧૦૦ ટકા પ્રમાણિત કરી શક્યા થી. તે અતિ દુઃખ સાથે કહેવું પડે છે.

## દૈનિક રાશીફળ

તા.૦૩.૦૮.૨૦૨૧ મંગળવાર

મેષ (અ.લ.ઈ.):- તમારા સ્વાસ્થ્યમાં સુધારાને લગતી પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવા માટે શ્રેષ્ઠ દિવસ. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. લાગણીશીલ જોખમ તમારી તરફેણમાં જશે.

વૃષભ(બ.વ.ઉ.):- ધ્યાન રાહત લાવશે. આ રાશિ ના અમુક લોકો ને ભૂમિ સંબંધિત બાબતો માં ધન ખર્ચ કરવું પડી શકે છે. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. સૅક્સ અપીલ વાંછિત ફળ આપશે.

મિથુન(ક.છ.ઘ.):- ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે.

કર્ક(ડ.હ.):- તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. વેપાર ને મજબૂત કરવા માટે તમે કોઈ મહત્વપૂર્ણ પગલાં લાયી શકો છો જેના માટે તમારા કોઈ નજીકી તમારી નાણાકીય મદદ કરી શકે છે. શાળામાં અભ્યાસમાં રસના અભાવે બાળકો કેટલીક નિરાશા સર્જશે.

સિંહ(મ.ટ.):- સ્વાસ્થ્યની બાબતમાં તમારી જાતની અવગણના ન કરવાની સાવચેતી રાખજો. એક યા બીજી જગ્યાએથી તમને આર્થિક લાભ મળી રહેશે. મોટી વયના સંબંધીઓ ગેરવ્યાજબી માગણીઓ કરે એવી શક્યતા છે.

કન્યા(પ.ઠ.ણ.):- કેટલીક અનિવાર્ય પરિસ્થિતિઓ તમને બેચેન કરી શકે છે.પણ તમારે તમારા મગજ પર કાબુ રાખી રાખી પરિસ્થિતિ સાથે કામ પાર પાડવા માટે તરત જ પ્રતિક્રિયા આપવાનું ટાળવું જોઈએ. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે.

તુલા(ર.ત.):- મિત્રો સાથે સાંજ આહલાદક રહેશે પણ સાવચેત રહેજો, વધુ પડતું ખવાઈ જશે તો તમારી સવાર બગડશે. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે.

વૃશ્ચિક(ન.ય.):- જીવનને માણવા માટે તંમારી ઉમેદો ચકાસો. યોગની મદદ લો- જે તમને માનસિક, શારીરિક તથા આધ્યાત્મિક સ્વસ્થતાની જીવન કળા શીખવે છે જેથી તમે તમારી પ્રકૃતિ સુધારી શકો. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો.

ધન(ભ.ધ.ફ.ઢ.):- શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દ્રઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. ઘરના મોરચે મુશ્કેલીઓનો ચરૂ ઉકળી રહ્યો છે આથી તમે જે બોલો છો તે અંગે સાવચેતી રાખજો.

મકર(ખ.જ.):- અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે.

કુંભ(ગ.શ.સ.):- ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગી સાબિત થશે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. તમારા પરિવારના સભ્યની લાગણી દુભાવવાનો ભય હોવાથી તમારા ગુસ્સા પર અંકુશ રાખો.

મીન(દ.ચ.ઝ.):- આજે તમારી પાસે સારો એઅવો સમય હશે આથી,તમારા સારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. તમારા પ્રિયપાત્ર સાથેના તમારા સંબંધોને બગાડી શકે તેવા મુદ્દાને ઉખેડવાથી દૂર રહેવું જ તમારી માટે શ્રેષ્ઠ છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત

## વિનામૂલ્યે અનાજ વિતરણ અને લાભાર્થીઓ સાથે સંવાદ કાર્યક્રમ

૩ ઑગસ્ટ, ૨૦૨૧



**૫ વર્ષ આપણી સરકારના**
સૌના સાથથી સૌના વિકાસના...




દેશના દરેક નાગરિકની અન્ન સુરક્ષા સુનિશ્ચિત કરવા
ભારત સરકારની અભૂતપૂર્વ પહેલ
દાહોદ ખાતે આયોજીત રાજ્યકક્ષાના કાર્યક્રમમાં

## વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી

વર્ચ્યુઅલી ઉપસ્થિત રહી
રાજ્યના લાભાર્થીઓ સાથે કરશે સંવાદ



## અનાજ વિતરણ કાર્યક્રમ

- **'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'** હેઠળ મે-૨૦૨૧ થી નવેમ્બર-૨૦૨૧ સુધી રાજ્યના 'રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા' હેઠળ આવરી લેવાયેલ ૭૧.૮૮ લાખ પરિવારોની ૩.૪૮ કરોડ જન સંખ્યાને દર માસે મળવાપાત્ર રાહતદરના અનાજ ઉપરાંત વ્યક્તિદીઠ વધારાના ૩.૫ કિલો ઘઉં અને ૧.૫ કિલો ચોખા મળી કુલ ૫ કિલો અનાજનું વિનામૂલ્યે વિતરણ કરાશે
- **'અનાજ વિતરણ અને લાભાર્થીઓ સાથે સંવાદ કાર્યક્રમ'** અંતર્ગત રાજ્યની તમામ ૧૭,૦૦૦ વાજબી ભાવની દુકાનો ખાતે ઉત્સવપૂર્ણ વાતાવરણમાં વિનામૂલ્યે અનાજ વિતરણ કરાશે
- **વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી** ૧૭,૦૦૦ વાજબી ભાવની દુકાનોએ ઉપસ્થિત ૧૭ લાખથી વધુ લાભાર્થીઓ/સ્થાનિક આગેવાનોને સંબોધન કરી સંવાદ કરશે
- વાજબી ભાવની દુકાનદીઠ ૧૦૦ લાભાર્થી/સ્થાનિક અગ્રણીઓ સહભાગી થશે
- રાજ્યની તમામ મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારોમાં ૫૦૦ મોટા કાર્યક્રમોનું આયોજન

### વડાપ્રધાનશ્રીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં યોજાનાર કાર્યક્રમ

**મુખ્ય મહેમાન**

**મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી**

-: વિશેષ ઉપસ્થિતિ :-

નાયબ મુખ્યમંત્રીશ્રી **નીતિનભાઈ પટેલ,**
અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી **જયેશ રાદડિયા**
સંસદ સભ્યશ્રી **સી.આર.પાટીલ**

**સર્વને અન્ન, સર્વને પોષણ**

## ધન્યવાદ મોદીજી

**તારીખ:** ૩.૮.૨૦૨૧, **સમય:** સવારે ૧૧.૩૦ કલાકે, **સ્થળ:** દાહોદ

કાર્યક્રમનું જીવંત પ્રસારણ દૂરદર્શન ચેનલ, BISAG ની વંદે ગુજરાત ચેનલ તથા Youtube લીંક https://youtu.be/OLu0L_JVq2I પરથી પ્રસારિત કરાશે

'વન નેશન વન રેશનકાર્ડ' યોજના દ્વારા કોઈપણ NFSA લાભાર્થી પોતાનું અનાજ સમગ્ર રાજ્યની કોઈપણ વાજબી ભાવની દુકાનેથી મેળવી શકે છે.

- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# પંચમહાલ જીલ્લામાં ચાલુ વર્ષ ૧,૪૩,૫૬૨ લાખ હેક્ટરમાં ખરીફ પાકોનું વાવેતર થયું

**પંચમહાલ જીલ્લામાં વર્ષ ૨૦૨૧-૨૨માં ખરીફ પાકોનું વાવેતર....**

| તાલુકો | ડાંગર | મકાઈ | તુવેર | સોયાબીન | કપાસ | શાકભાઈ |
|---|---|---|---|---|---|---|
| ઘોઘંબા | ૮૪૫૫ | ૧૪૧૮૦ | ૪૧૦૨ | ૧૪૫ | ૯૬૮ | ૭૧૩ |
| ગોધરા | ૫૬૭૫ | ૯૫૧૮ | ૩૦૫૩ | ૬૯૯ | ૧૨૯૭ | ૨૦૮૯ |
| હાલોલ | ૪૯૧૦ | ૪૬૮૨ | ૩૯૦૩ | ૩૫૩ | ૪૭૩૦ | ૧૫૪૭ |
| જાંબુઘોડા | ૯૧૩ | ૩૦૮ | ૩૬૦ | ૪૬૪ | ૨૭૦૩ | ૨૭૩ |
| કાલોલ | ૪૯૧૨ | ૨૩૭૪ | ૧૬૬૫ | ૫૫૯ | ૨૭૯૨ | ૧૭૬૧ |
| મોરવા(હ) | ૩૩૫૧ | ૭૩૨૩ | ૧૧૨૭ | ૧૭૩ | ૪૨ | ૧૧૩૨ |
| શહેરા | ૮૫૫૨ | ૧૩૭૩૧ | ૨૧૯૦ | ૧૫૧ | ૮૦ | ૪૦૭ |
| કુલ | ૩૬૭૬૮ | ૫૨૧૨૨ | ૧૬૧૯૯ | ૨૫૪૪ | ૧૨૧૬૭ | ૭૯૧૨ |

ગોધરા, પંચમહાલ જીલ્લાના મોટાભાગના વિસ્તાર ચોમાસું આધારીત ખેતી ઉપર નભતો હોય છે. ચાલુ વર્ષ ચોમાસાની સીઝનમાં જીલ્લામાં ૧,૪૩,૫૬૨ લાખ હેક્ટર જમીનમાં ખરીફ પાકોનું વાવેતર થયેલ છે. જે વર્ષ ૨૦૨૦-૨૧ના વર્ષ કરતા ૨૪૭૦૧ હજાર હેક્ટર જમીનમાં ઓછું વાવેતર થયેલ છે. તેમાં પણ પંચમહાલ જીલ્લામાં મકાઈ, તુવેર, ડાંગર, સોયાબીન, કપાસ અને શાકભાજીનું વાવેતર થયેલ છે. જીલ્લામાં ચોમાસાની સીઝનમાં ઓછા અને અનિયમિત વરસાદને લઈને ખેડુતોએ ખેતી કરેલ નથી.

પંચમહાલ જીલ્લો મોટાભાગે ચોમાસાના વરસાદ આધારીતે ખેતી ઉપર નભતો હોય છે. જીલ્લામાં સિંચાઈની સુવિધાના અભાવે ચોમાસું ખેતી કરીને જીવન નિર્વાહ ચલાહતા હોય છે. તેમાં પણ ચોમાસાની સીઝનમાં વરસાદ સમયસર ન પડતા તેની અસર ખરીફ પાકો પક્વતા ખેડુતો ઉપર પડતી હોય છે. ચાલુ વર્ષ જીલ્લામાં ૧,૪૩,૫૬૨ લાખ હેક્ટર જમીનમાં ખરીફ પાકોનું વાવેતર થયેલ છે. જીલ્લામાં ચાલુ વર્ષ મકાઈ, તુવેર, સોયાબીન, કપાસ, શાકભાજીનું વાવેતર થયેલ છે. જે વર્ષ ૨૦૨૦-૨૧ કરતાં ૨૪,૭૦૧ હજાર હેક્ટર જમીનમાં ઓછું વાવેતર થયેલ છે. જીલ્લામાં મકાઈનું ૫૨૧૨૨ હજાર હેક્ટરમાં તુવેર ૧૬,૩૯૯ હજાર હેક્ટર, ડાંગરનું

- જીલ્લામાં મુખ્યત્વે મકાઈ, તુવેર, કપાસ, ડાંગર, સોયાબીન અને શાકભાજીનું વાવેતર.
- વર્ષ ૨૦૨૦-૨૧ કરતા જીલ્લામાં ૨૪૭૦૧ હેક્ટર માં ખરીફ પાકનું વાવતેર થયું.

૩૬,૭૬૮ હજાર હેક્ટર, કપાસ ૧૨,૬૧૭ હજાર હેક્ટર, શાકભાજીનું ૭,૯૧૨ હજાર હેક્ટરના ખરીફ પાકોનું વાવેતર થયેલ છે. જયારે જીલ્લામાં ૧૩,૩૧૩ હજાર હેક્ટર જમીનમાં ઘાસચારાનું વાવેતર થયેલ છે.પંચમહાલ જીલ્લામાં ચોમાસાના સીઝનના વરસાદની અનિશ્ચિતને લઈ ખેડુતો મોંઘાભાવના બિયારણો અને ખાતરોનું નુકશાન થી બચવા ખેતી કરીને હોવાનું જણાઈ રહ્યું છે.

## ગોધરા ખાતે રાજ્યમંત્રી યોગેશભાઈ પટેલનાં અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાનો સેવાસેતુ કાર્યક્રમ યોજાયો



- મંત્રી દ્વારા કોરોના મહામારીમાં માતા-પિતાની છત્રછાયા ગુમાવનાર બાળકોને શૈક્ષણિક કીટ, સહાય હુકમોનું વિતરણ, બાળકો સાથે ભોજન લઈ સ્નેહસભર વાર્તાલાપ કર્યો.
- જિલ્લામાં કુલ ૧૧ સ્થળોએ સેવાસેતુ યોજી ૫૭ પ્રકારની સેવાઓ ઘરઆંગણે ઉપલબ્ધ કરાવાઈ.
-પાંચ વર્ષ આપણી સરકારના, સૌના સાથથી સૌના વિકાસના અંતર્ગત પંચમહાલ જિલ્લામાં સંવેદના દિવસની ઉજવણી.

ગોધરા, પાંચ વર્ષ આપણી સરકારના, પાંચ વર્ષ સૌના સાથથી સૌના વિકાસના અભિયાન અંતર્ગત રાજ્યભરમાં આજે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના જન્મદિને સંવેદના દિવસની ઉજવણી કરાઈ હતી. આ દિવસે નાગરિકોને ૫૭ પ્રકારની સરકારી સુવિધાઓ ઘરઆંગણે પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે પંચમહાલ જિલ્લામાં કુલ ૧૧ સ્થળોએ સેવા સેતુ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જે પૈકી જિલ્લા કક્ષાનો કાર્યક્રમ નર્મદા અને શહેરી ગૃહનિર્માણ રાજ્યમંત્રી યોગેશભાઈ પટેલનાં અધ્યક્ષસ્થાને દલુની વાડી-કુમાર શાળા, ગોધરા ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં મંત્રીના હસ્તે મુખ્યમંત્રી બાળ સેવા યોજનાનાં ૨૦ લાભાર્થીઓ શૈક્ષણિક કીટ તથા સહાય હુકમનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ ગંગાસ્વરૂપા સહાય યોજના, પેન્શન યોજના, વૃદ્ધ સહાય યોજના સહિતની યોજનાના લાભાર્થીઓને પણ સહાય હુકમના ઓર્ડર વિતરીત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મંત્રી યોગેશભાઈ પટેલે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે વિકાસનો જે મજબૂત પાયો નાંખ્યો તેના આધારે સર્વસમાવેશી વિકાસની મજબૂત ઈમારત બનાવવાનું અને તેની નવી ઉંચાઈએ લઈ જવાનું કાર્ય વર્તમાન મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલ શ્રેષ્ઠ રીતે અને સંવેદનાપૂર્વક કરી રહ્યા છે. કોરોના કટોકટી દરમિયાન સરકારે કરેલ કામગીરી વિશે જણાવતા મંત્રીએ ઉમેર્યું હતું કે કોરોના મહામારીમાં સ્વજનો ગુમાવનાર લોકોની પીડા સમજતા તેમની સંભાળ અને દરકાર રાખવાના સરકારે સંનિષ્ઠ પ્રયાસો કર્યા છે. માતા-પિતા બંને ગુમાવી કોરોનામાં અનાથ બનેલા બાળકોને મુખ્યમંત્રી બાળ સેવા યોજના અંતર્ગત પ્રતિ માસ રૂ.૪,૦૦૦/- અને બંને પૈકી એક વાલી ગુમાવનાર બાળકને પ્રતિ માસ રૂ.૨,૦૦૦/-ની સહાય યોજના ટૂંકા ગાળામાં અમલી કરી સરકાર નોંધારાનો આધાર બની છે. ત્રીજી લહેરની શક્યતાઓને જોતા બેડ અને ઓક્સિજનની કોઈ કમી ન સર્જાય તે માટે સરકાર દ્વારા જિલ્લા કક્ષાએ પણ આ સુવિધાઓમાં જરૂર મુજબનો વધારો કરવામાં આવ્યો છે તેમ જણાવતા મંત્રીએ સૌને માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સિંગ સહિતના સાવચેતીના પગલાઓનું પાલન કરવા અનુરોધ કર્યો હતો.

સેવા સેતુ કાર્યક્રમોના આયોજન સંદર્ભે મંત્રીએ જણાવ્યું કે, વિવિધ સહાયના ફોર્મ ભરવા માટે કચેરીઓના ધક્કા ન ખાવા પડે અને જરૂરિયાતમંદોને સામેથી વિવિધ યોજનાઓનાં લાભ એક સાથે એક સ્થળે મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવે છે અને તે જ આ કાર્યક્રમોને લોકકલ્યાણ અને સેવાના ક્ષેત્રે વિશેષ બનાવે છે.

આ પ્રસંગે અગ્રણી સુ સંયુક્તા મોદીએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં કોરોના કાળ દરમિયાન સરકાર દ્વારા આમજનતાના લાભાર્થે વિનામૂલ્યે અનાજ વિતરણ, નાણાંકીય સહાય સહિતની આવકારદાયક કામગીરી વિશે વાત કરતા આવા કપરા સમયમાં પણ નાગરિકોને ઘરઆંગણે સરકારી સેવાઓ ઉપલબ્ધ કરાવતા સેવાસેતુના સુંદર આયોજન બદલ આનંદ વ્યક્ત કર્યો હતો.

કાર્યક્રમ બાદ મંત્રીએ સેવાસેતુ અંતર્ગત વિવિધ સ્ટોલ્સની મુલાકાત લઈ, લાભાર્થીઓ સાથે સંવાદ કરી સમગ્ર પ્રક્રિયા અને કાર્યક્રમ અંગે તેમના પ્રતિભાવ મેળવ્યા હતા. કાર્યક્રમ બાદ મંત્રી બાળ સેવા યોજનાના લાભાર્થી બાળકોને પોતાની સાથે ભોજન માટે લઈ જઈ ભાવપૂર્વક જમાડીને વાર્તાલાપ કર્યો હતો.

જિલ્લા કલેક્ટર સુજલ મયાત્રાએ રાજ્યમંત્રી સહિતના મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરતા જિલ્લા વહિવટી તંત્ર દ્વારા ૫૭ પ્રકારની સેવાઓ સેવા સેતુ કાર્યક્રમ થકી નાગરિકોને દ્વારે આવી હોવાથી તેનો મહત્તમ લાભ લેવા અપીલ કરી હતી.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ રાઠોડ, પોલિસ અધિક્ષક ડો. લીના પાટિલ, નગરપાલિકા પ્રમુખ સંજય સોની, જિલ્લા અગ્રણીસુ સંયુક્તાબેન મોદી, દિલીપ દસાડીયા, નગરપાલિકા સભ્યસુ ગૌરીબેન જોષી, પ્રાંત અધિકારી ગોધરા એન.બી. રાજપૂત સહિતના વરિષ્ઠ અધિકારીઓ, સ્થાનિક આગેવાનો તેમજ સેવાસેતુનો લાભ લેવા ઈચ્છુક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## કાલોલ નગર કોમ્યુનિટી હોલમાં મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીના પાંચ વર્ષ પૂર્ણ થતા સેવા સેતુના માધ્યમ થી કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી



કાલોલ, સૌનો સાથ સૌનો વિકાસના ભાગરૂપે સંવેદના દિવસ સેવા સેતુ થકી કાર્યક્રમમાં નાગરિકોને ૫૭ પ્રકારની સરકારી સુવિધાઓ ઘરઆંગણે પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે કાલોલ સહીત પંચમહાલ જિલ્લામાં કુલ ૧૧ સ્થળોએ સેવા સેતુ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.કાલોલ નગરમાં આજે ૨ ઓગસ્ટે સંવેદના દિવસ તરીકે સેવા સેતુના નામના માધ્યમથી કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો. જેમાં ધારાસભ્ય સુમનબેન ચૌહાણ અને નગરપાલિકા પ્રમુખ શેફાલીબેન, નગરપાલિકા ચીફ ઓફિસર, મામલતદાર, પી.એમ. જાદવ અને નાયબ મામલતદાર મનોજ મિશ્રા એ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો. જેમાં પાંચ વર્ષના શાસનમાં કરેલી યોજનાઓ અને લોકોની જનભાગીદારી અને જ ઉપયોગી કાર્ય સેવાઓ વધુ સઘન બનાવીને ગુજરાતના વિકાસની પ્રક્રિયા આગળ લઈ જવા સેવા સેતુના માધ્યમથી યોજવામાં આવ્યો હતો. આ દરમિયાન કોરોના ની ગાઈડલાઈન અને સંખ્યાને દયાનમાં રાખી આ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

વિજયભાઈ રૂપાણી રાજ્ય સરકારના ઓગસ્ટ મહિનામાં પાંચ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે ત્યારે ૧ ઓગસ્ટથી ૯ ઓગસ્ટ સુધી રાજ્યના વિવિધ કાર્યક્રમો રાજ્યના જિલ્લા તાલુકા અને જુદા જુદા વિસ્તારોમાં કરવામાં આવશે.

## શહેરા પાલિકા કચેરી ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો



શહેરા, શહેરા નગર પાલિકા કચેરી ખાતે ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડની અધ્યક્ષ સ્થાને સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. સ્થળ ખાતે આરોગ્ય,આધારકાર્ડ સહિત વિવધ યોજનાના લાભ મોટી સંખ્યામા અરજદારો એ લીધા હતા.શહેરા નગરપાલિકા કચેરી ખાતે ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડના અધ્યક્ષ સ્થાને સેવા સેતુ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવેલ હતું. પાલિકાના ટાઉન હોલ ખાતે ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ , પ્રાંત અધિકારી તેમજ પાલિકાના ચીફ ઓફિસર સહિત ઉપસ્થિત મહાનુભાવો દ્વારા સેવા સેતુ કાર્યક્રમ ને ખુલ્લો મુકવા સાથે લાભાર્થીઓને સરકારની વિવિધ લાભકારી યોજનાઓની માહિતી આપી હતી. આ સેવા સેતુ કેમ્પમાં આધાર કાર્ડ, આરોગ્યલક્ષી યોજનાઓ, એસ.ટી વિભાગ, વન વિભાગ તેમજ વિવિધ દાખલા, રેશનકાર્ડ, વૃદ્ધ પેન્શન યોજના, સાત બાર આઠના પ્રમાણપત્ર, ચૂંટણી કાર્ડ સહિત કોરોના સામે સુરક્ષા અંગેની માહિતી આપતાં પેમ્પલેટ પણ જોવા મળ્યા હતા. કોરોનાના કાળમાં તાલુકામાં જે બાળકોએ પોતાના માતા કે પિતા ગુમાવ્યા હોય તેવા બાળકોને રૂપિયા ૨૦૦૦ ની સહાય દર મહિને મળે તે માટે ૨૩ જેટલા ફોર્મ પણ અહી ભરાયા હતા. અને સેવા સેતુ કાર્યક્રમ ખાતે દિવસ દરમિયાન મોટી સંખ્યામા અરજદારોની અવરજવર શરૂ રહેવા સાથે ૨૦૦થી વધુ અરજીઓ પણ આવી હતી. નગરપાલિકાના એન્જિનિયર જીગ્નેશભાઈ શાહ, આરોગ્ય અધિકારી ભરત ગઢવી, પોલીસ ઈન્સ્પેક્ટર એચ.સી.રાઠવા તેમજ પાલિકા સ્ટાફ મામલતદાર સ્ટાફ ,આરોગ્ય વિભાગ સ્ટાફ,પોલીસ વિભાગ સહિત અન્ય કચેરીનો સ્ટાફ ઉપસ્થિત રહેતા કાર્યક્રમને સફળતા મળી હતી.

## પાવાગઢ રોડ ટીંબી પાટીયા પાસે વૈભવી કારમાં દારૂની પાર્ટી કરતા એક યુવક અને ત્રણ યુવતિઓ ઝડપાઈ



હાલોલ, હાલોલ પાવાગઢ રોડ ટીંબી પાટીયા ત્રણ રસ્તાની બાજુમાં ઉભેલ વૈભવી કારમાં પોલીસે શંકાના આધારે તપાસ કરી હતી. જેમાં એક યુવક અને ત્રણ યુવતિઓને નશો કરેલ હાલતમાં ઝડપી પાડવામાં આવ્યા.

વિસ્તૃત વિગતો પ્રમાણે હાલોલ-પાવાગઢ રોડ ઉપર ટીંબી પાટીયા ત્રણ રસ્તાની બાજુમાં એન.જી. હેકટર કાર નંબર જીજે.૦૬.પીબી.૭૫૫૭ શંકાસ્પદ રીતે ઉભેલ હતી. હાલોલ રૂલર પોલીસે કારાની તપાસ કરતાં કારમાં સવાર વિપિન પ્રસન્નકુમાર નાયર રહે. માધવપાર્ક, તરસાલી, વડોદરાના મોઢા માંથી દારૂની વાસ આવતાં કારનું ચેકીંગ કર્યું હતું. ચેકીંગ દરમ્યાન બીયરની ૧૮ નંગ બોટલો કિંમત ૮૪૦ રૂપીયાનો જથ્થો ઝડપ્યો હતો. કાર ચાલક સહિત ત્રણ યુવતિઓ સ્નેહાબેન પુરૂષોતમ પાટીલ, આરતીબેન વિજયભાઈ દેસાઈ, વિનાબેન વિજયસિંહ રાઠોડ મળી ચારની અટકાયત કરી હતી અને પોલીસે ૨૦ લાખની ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## ગોધરા-અમદાવાદ હાઈવે ઉપર ભુરાવાવ ચોકડી થી સેન્ટઆર્નોલ્ડસ સ્કુલ સુધી માર્ગની સમાંતરે વોક વે ટ્રેક બનાવવામાં આવે

ગોધરા, ગોધરા ખાતે ગોધરા અમદાવાદ હાઈવે સતનામ સાક્ષી ગેટ થી ભામૈયા ચોકડી સુધી ફોરલેનની કામગીરી મંથન ગતિ એ ચાલી રહી છે. ત્યારે રોડનું કામકાજ પૂર્ણ થયેલ છે. પરંતુ રોડ સમાંતરે જે રીતે પુરાણ થયું છે. તે ભયંકર ભાસી રહ્યું છે. સત્તાવાળા એમ.પી., એમ.એલ.એ. જાગૃતા દાખવે પુરાણ સમતલ કરે, દબાણો દુર કરે રોડની દક્ષિણ બાજુ ભુરાવાવ ચોકડી થી સેન્ટ આર્નોલ્ડ સ્કુલ સુધીના માર્ગની સમાંતરે ફુટપાથ બનાવે જેથી વહેલી સવારમાં મોર્નિંગ વોક માટે આવત જતા નાગરિકો ૨૫ સોસાયટીના રહિશો, સ્વામી નારાયણ મંદિરે આવતા જતા ભક્તજનો સાયકલ કે ચાલીને જતાં વિદ્યાર્થીગણ વટેમાર્ગઓ હાઈવેના ટ્રાફિક થી પોતાને સુરક્ષિત રાખી સરળતાથી આ વોકીંગ ટ્રેકનો ઉપયોગ કરી શકે . હાલમાં જ સુરત, વડોદરા,રાજકોટ, મહાનગર પાલિકા સાયકલ ચાલકો માટે વિશેષ સુવિધા વધારવા જઈ રહી છે. કેમ કે પેટ્રોલના ભાવ કયાં અટકશે તે કહેવું મુશ્કેલ છે.

## હાલોલ નગરપાલિકા ખાતે રાજયકક્ષા મંત્રી ઈશ્વરસિંહ પટેલના અધ્યક્ષસ્થાને વિતરણ કાર્યક્રમ યોજાશે

ગોધરા, સુશાસન ઉજવણીના શ્રેણીબંધ કાર્યક્રમો પૈકી આવતીકાલે તા.૩ ઓગસ્ટના રોજ પંચમહાલ જિલ્લામાં અન્નોત્સવની ઉજવણી કરાશે. આ પ્રસંગે જિલ્લાના ૩૭૯ જેટલા એફ.પી.એસ. કેન્દ્રો પરથી લાભાર્થીઓને વિના મુલ્યે અનાજનું વિતરણ કરવામાં આવશે. અનાજ વિતરણના આ કાર્યક્રમોમાં કોમ્યુનિટી હોલ, હાલોલ નગરપાલિકા ખાતે યોજાનારા કાર્યક્રમમાં રાજયકક્ષા મંત્રી ઈશ્વરસિંહ પટેલ, કુમારશાળા-હાલોલ ખાતે યોજનારા કાર્યક્રમમાં હાલોલ નગરપાલિકા પ્રમુખ વિભાક્ષીબેન એન. દેસાઈ, સરદારનગર ખંડ-ગોધરા ખાતે ગોધરાના ધારાસભ્ય સી.કે.રાઉલજી, ડો. આંબેડકર પ્રાથમિક શાળા ખાતે યોજનારા કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ કુ. કામિનીબેન સોલંકી, કાછિયાવાડ પ્રાથમિક શાળા-ગોધરા ખાતે તાલુકા પંચાયત પ્રમુખ સુ સુનિતાબેન એસ. બારિયા, પોલન બજાર કન્યા શાળા-ગોધરા ખાતે એપીએમસી-ગોધરાના ચેરમેન રાજેશકુમાર ચૌહાણ, ભાઉરાવ દેસાઈ પ્રાથમિક શાળા-ગોધરા ખાતે મોરવા હડફ ધારાસભ્યસુ નિમિષાબેન સુથાર, ટાઉનહોલ-શહેરા ખાતે શહેરા ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડના અધ્યક્ષસ્થાને આ અન્નવિતરણના કાર્યક્રમો યોજાશે. આ નિમિત્તે લાભાર્થીઓને વધારના ૩.૫ કિલો ચોખા અને ૧.૫ કિલો ઘઉં એમ કુલ ૫ કિલો અનાજનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે. નાગરિકોને અન્ન સલામતી અને પોષણ સલામતી પુરી પાડવા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલના નેતૃત્વ હેઠળ સરકાર હરહંમેશ પ્રયત્નશીલ છે. આ સરકારના પાંચ વર્ષ પૂર્ણ થતા તા. ૩ ઓગષ્ટના રોજ સર્વને અન્ન, સર્વને પોષણ અન્વયે દાહોદ ખાતે યોજનારા રાજ્ય કક્ષાના અન્ન વિતરણ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી વર્ચ્યુઅલી ઉપસ્થિત રહેશે.

## ઘોઘંબાના રાજગઢ મુવાડા ગામે ૩૫ વર્ષીય મહિલા એ અગમ્યકારણોસર ફાંસો ખાઈ લેતાં મોત

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના રાયણ મુવાડા ગામે રહેતા ૩૫ વર્ષીય મહિલાએ કોઈ અગમ્યકારણોસર પંખાના હુંકના ભાગે દોરડા થી ફાંસો ખાઈ આપઘાત કરતા તેમને બચાવવા માટે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન મોત નિપજાવ પામ્યું.પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના રાયણ મુવાડા ગામે રહેતા કાશીબેન ગોવિંદભાઈ ચૌહાણ એ પોતાના ઘરમાં અગમ્યકારણોસર રસોડાના પંખાના હુંક સાથે દોરડા વડે ગળે ફાંસો ખાધો હતો. તેઓન ઘરના લોકોએ ઉતારીને સારવાર અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલઅને વધુ સારવાર માટે વડોદરા ખસેડવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું. આ બાબતે રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## કાલોલના જીલીયા ગામે ચુલો સળગાવા કેરોસીન નાખતા ભડકાથી દાઝેલ મહિલાનું મોત

કાલોલ, કાલોલ તાલુકાના જીલીયા ગામે રહેતા ૪૦ વર્ષીય મહિલા જમવા બનાવતા હોય ભીના લાકડા સળગાવવા માટે કેરોસીન છાંટતા ભડકો થતાં શરીરે દાજી ગયેલ હતા. જ્યાં સારવાર અર્થે ખસેડત મોત નિપજાવા પામ્યું છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના જીલીયા ગામે રહેતા સવિતાબેન રાજેશભાઈ બારીયા પોતાના ઘરે ચુલા પર જમવાનું બનાવત હતા. લીલા લાકડા સળગાવવા માટે કેરોસીન નાખતા લાકડામાં ભડકો થયો હતો. જેને લઈ સવિતાબેનના કપડામાં આગ લાગી જતાં ગંભીર રીતે દાઝી ગયેલ હતા. તેઓન સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડતા સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું. આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 291